ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
(A Government of Gujarat Undertaking)
"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે,
સેકટર- ૧૦- એ, ગાંધીનગર.
એન.પી.સોલંકી
મુખ્ય ઇજનેર (ટેકનીકલ)
પીએબીએક્સ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨- ૭૯
વેબ સાઇટ:- www.gwssb.org, ઇ-મેઇલ:- setechcell@gmail.com.

જા.નં./ટેક.સેલ/પરિપત્ર/3-A સર્ટીફિકેટ/૨૦૧૮/૮૭૨ તા.૨૩ /૦૪/૨૦૧૮

વિષય:- યોજનાકીય કામોના અનુભવ માટે ઇજારદારને આપવામાં આવતા 3-A સર્ટીફિકેટ બાબત.

પરિપત્ર-

પ્રસ્તાવના

પાણી પુરવઠા બોર્ડની ક્ષેત્રિય કચેરી દ્વારા પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટરના કામોના અમલીકરણ કરાવવામાં આવે છે. વિભાગીય કચેરી હેઠળ ચાલતી જુદી જુદી યોજનાઓના કામો દરમ્યાન તેમજ કામ પૂર્ણ થયે અથવા અંશતઃ પૂર્ણ થયેલ કામોના 3-A સર્ટીફિકેટ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા ઇજારદારને આપવામાં આવે છે. સદર 3-A પ્રમાણપત્રો ઇજારદાર દ્વારા બોર્ડના અન્ય ટેન્ડરોમાં કવોલીફાય થવા માટે રજૂ કરવામાં આવે છે. અમુક કિસ્સાઓમાં ટેન્ડરના પ્રિકવોલીફિકેશન સ્ટેજે ઇજારદાર દ્વારા રજૂ કરવામાં આવેલ 3-A સર્ટીફિકેટને જે તે ઇસ્યું કરનાર કચેરીને વેરીફિકેશન માટે મોકલવામાં આવે છે. જેમાં ઘણીવાર સર્ટીફિકેટમાં ક્ષતિઓ જણાય છે અથવા 3-A સર્ટીફિકેટ ખોટા જણાય છે. જેના કારણે નવા ટેન્ડરોની પ્રિકવોલીફિકેશન પ્રક્રિયામાં ઘણો જ વિલંબ થાય છે તેમજ ઇજારદાર દ્વારા તેમને કવોલીફાય કરવા માટે જુદી જુદી કક્ષાએ રજૂઆતો કરવામાં આવે છે તેમજ ટેન્ડરની પ્રક્રિયામાં વિલંબ થાય છે. ઉપરોકત વિગતો ધ્યાને લઇ બોર્ડ દ્વારા ક્ષેત્રિય કક્ષાએથી ઇસ્યું થતા 3-A સર્ટીફિકેટમાં એકસૂત્રતા રહે તેમજ કોઇ વિસંગતતા ના રહે તે માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

પરિપત્ર-

1. જે ટેન્ડરની રકમ રૂા. ૧૦ કરોડથી વધુ હોય તેવા કામો માટેના ફોર્મ- 3- A ઇસ્યુ કરવામાં આવે તેમાં કાર્યપાલક ઇજનેરશ્રી ઉપરાંત અધિક્ષક ઇજનેરશ્રીએ કાઉન્ટર સહી કરવાની રહેશે. રૂા. ૧૦ કરોડથી નીચેના ટેન્ડર માટે કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા 3- A ઇસ્યુ કરવાનું રહેશે.
2. 3- A સર્ટીફિકેટ સામેલ નિયત નમુના મુજબ આઉટવર્ડ નંબર પાડીને આપવાનું રહેશે. આઉટવર્ડ નંબર વગરનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.

3. જે ટેન્ડરમાં જોઇન્ટ વેન્ચર તરીકે ઇજારદાર હોય તેવા ટેન્ડર માટે જોઇન્ટ વેન્ચર તરીકે ઇજારદારનું નામ, તેમના ફાયનાન્સીયલ સ્ટેક સહીત 3- A સર્ટીફિકેટમાં દર્શાવવાનું રહેશે. આવા કામ માટે જે.વી.પાર્ટનરને સ્વતંત્ર રીતે કોઇ સર્ટીફિકેટ ઇસ્યું કરવાનું રહેશે નહી.
4. જો કામનું ફાઇનલ બીલ ન થયેલ હોય તો તે 3- A સર્ટીફિકેટમાં અચૂક દર્શાવવાનું રહેશે તેમજ વર્ક અંડર પ્રોગ્રેસ લખવાનું રહેશે.
5. જે કામ માટે 3- A સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવે છે તે કામ અંતર્ગત થયેલ કામગીરીની વિગતો એનેક્ષર-A માં આપવાની રહે છે તેમજ તેને પ્રમાણિત કરવાની રહેશે.
6. કામોની મરામત અને નિભાવણી કઇ તારીખથી શરૂ કરવામાં આવી છે તે દર્શાવવાનું રહેશે.
7. જે કિસ્સામાં મરામત અને નિભાવણીનું કામ અંશતઃ શરૂ થયેલ હોય તેવા કિસ્સામાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
8. જે તે ટેન્ડરના ફાઇનલ બીલમાં કામ પૂર્ણ થયાંની તારીખ દર્શાવેલ છે. તેજ કામ પૂર્ણ થયાની તારીખ 3- A સર્ટીફિકેટમાં હોવી જોઇએ.
9. એજન્સીનું પરફોરમન્સ સારૂ છે કે, ખરાબ તેની વિગતો 3- A સર્ટીફિકેટમાં દર્શાવવાની રહેશે.

સદરહુ પરિપત્રનો અમલ ચૂસ્ત પણે કરવાનો રહેશે. તેમાં ચૂક થયે 3- A સર્ટીફીકેટ ઇસ્યુ કરનારની જવાબદારી રહેશે. જે અંગેની સર્ટીફિકેટ ઇસ્યું કરનાર અધિકારી દ્વારા તકેદારી રાખવાની રહેશે.

માન. સભ્ય સચિવશ્રીની મંજૂરીથી-

(નિરવ પી. સોલંકી)
મુખ્ય ઇજનેર, (ટેકનીકલ)

બિડાણઃ- ફોર્મ 3-A તથા એનેક્ષર A નો નમુનો

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અંગત મદદનીશશ્રી, માન. અધ્યક્ષશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના પ્રતિ,</u>

- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન- ૧, વડોદરા, ઝોન- ૨, અમદાવાદ, ઝોન- ૩, રાજકોટ, ઝોન- ૪, કચ્છ-ભૂજ, ઝોન- ૫, જુનાગઢ તરફ આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળની વર્તુળ કક્ષાઓ, વિભાગીય કક્ષાઓ તેમજ પેટા વિભાગીય કક્ષાએ જરૂરી જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂ.

- મુખ્ય ઇજનેરશ્રી, મોનીટરીંગ અને પ્લાનીંગ, મુખ્ય ઇજનેરશ્રી અને પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બન સેલ, મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક), મુખ્ય ઇજનેરશ્રી, (મટીરીયલ સેલ), બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અધિક્ષક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)
- માસ્ટર ફાઇલ.

Formate for issuance of form- 3 (A) Certificate to Contractors/ Agency for Work Experience of GWSSB /GWIL Projects.

# F O R M No.3 (A)

## (Referred to the Rule No. 5 B (ii) )

## WORK WISE DETAILS OF WORKS COMPLETED BY THE CONTRACTOR

PART-I

| | | | |
|---|---|---|---|
| 1 | Name of contractor<br>(If J.V consortium, mention financial stake of each partner ) | : | |
| 2 | Name of work | : | |
| 3 | Name of Division in which the work was executed | : | |
| 4 | Work order No. And Date | : | |
| 5 | Estimated cost put to tender | : | |
| 6 | Tender Amount<br>(as per approved tender) | : | |
| 7 | Date of starting of the work | : | |
| 8 | Amount of the work done till date/ Gross amount of Final Bill | : | |
| 9 | Stipulated Date of completion of work<br>(as per contract agreement) | : | |
| 10 | Actual date of completion of work<br>(as per final bill record) | : | |
| 11 | Did the Contractor go for arbitration for this work ? | : | |

Signature of Contractor

PART-II

| | | | |
|---|---|---|---|
| 12 | State whether the details as above given by the contractor are correct or not. If not, state what is the correct information. | : | |
| 13 | State whether the contractor has executed the "work in progress" satisfactorily as per specification or not. If not then provide correct position of the work | : | |
| 14 | Date of Time limit Extension, if applicable | : | |
| 15 | Details of Quantity Executed for the work | : | as per Annexure A |
| 16 | Quality of Work executed<br>(Very Good / Good / Satisfactory / Poor) | : | |
| 17 | Any other remarks | : | |

Note: Certified that the details given in Part-I & Part-II have been verified and found correct.

Out Ward No.:

Date:-

Executive Engineer
P.H.W.Dn.,

(Counter Signed)
Superintending Engineer
P.H.Works Circle,....

# Annexure A
## for Form -3(A)
Details of Qty. Executed for the work

| Sr. No. | Description | Unit | Quantity |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |
| 7 | | | |
| | | | |

Out Ward No.:

Date:-

**Executive Engineer**
**P.H.W.Dn.,**

(Counter Signed)
**Superintending Engineer**
**P.H.Works Circle,....**